# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ:-03 તા.08-09-2021

## આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો તારીખ 17 સપ્ટેમ્બરના 2021ના રોજ 71માં જન્મ દિવસ નીમિત્તે સહકારી સંસ્થાઓ દ્વારા રાજયમાં વૃક્ષા રોપણ કાર્યક્રમનું આયોજન કરવા અંગે બેઠક યોજાઇ

## આખા દેશમાં ગુજરાતનું સહકારી ક્ષેત્ર આજે પણ નંબર એક પર છે- શ્રી સી.આર.પાટીલ

## સુગર ફેકટરીને જીવંત રાખવામાં પણ આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ખૂબ મોટી મદદ કરી છે:- શ્રી સી.આર.પાટીલ

## શ્રી અમિતભાઇ શાહ સાહેબને સહકારી ક્ષેત્રના કેબિનેટ મંત્રી તરીકે કેન્દ્રમાં જવાબદારી મળી ત્યારે સમગ્ર દેશમાં ખુશીનો માહોલ જોવા મળ્યો:- શ્રી સી.આર.પાટીલ

## શ્રી અમિતભાઇ શાહ સાહેબ સહકાર મંત્રી બનતા સહકાર ક્ષેત્રે ખુબ પ્રગતી થશે :-શ્રી સી.આર.પાટીલ

ભારતીય જનતા પાર્ટી એક અખબારી યાદીમાં જણાવે છે કે ગુજરાતના પનોતા પુત્ર અને આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો તારીખ 17 સપ્ટેમ્બરના 2021ના રોજ 71માં જન્મ દિવસ નીમિત્તે સહકારી સંસ્થાઓ દ્વારા રાજયમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવા બેઠક યોજાઇ હતી. આ કાર્યક્રમ ગાંધીનગર ઓડિટોરિયમ હોલ ખાતે ભારતીય જનતા પાર્ટી ગુજરાતના પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના અધ્યક્ષ સ્થાને યોજાવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં પ્રદેશ અધ્યશ્રી સી.આર.પાટીલ સાહેબે સંબોધન કરતા જણાવ્યું કે, આગામી સમયમાં સહકારી ક્ષેત્રની ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટી પોતે મેન્ડેટ આપી પોતાના ઉમેદવાર ઉભા રાખશે. અગાઉની ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીના સૌ આગેવાનો એક સાથે મળીને નીશ્ચિત રીતે પાર્ટી દ્વારા નક્કી કરાયેલ કાર્યકર ચૂંટણી લડશે અને જીતશે એનું એક વર્ષમાં કોઇ ઢોલ નગારા પિટાયા વગર જયારે હિસાબ આપ્યો કે 85 માથી 84 ભારતીય જનતા પાર્ટીના આગેવાનો જીતી શકે છે સૌ કાર્યકરોની તાકાત છે. અને આ તાકાતને આપણે આગળ લઇ જઇ જનતાની સેવા કરવા માંગીએ છીએ. સહકારી ક્ષેત્રએ સીધુ લોકોને અસર કરે છે, સૌથી વધુ ખેડૂતોને અસર કરે ખેડૂતની ઉન્નતી, વિકાસ, પ્રગતીના પાયામાં કોઇ હોય તો એ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


સહકારી ક્ષેત્ર છે. આખા દેશમાં ગુજરાતનું સહકારી ક્ષેત્ર આજે પણ નંબર એક પર છે. અને તેની સામે કોઇ આક્ષેપો નથી થતા જે અન્ય રાજ્યોમાં સહકારી ક્ષેત્રમાં થયા છે. સહકારી ક્ષેત્રની કામગીરી સામે કોઇ આક્ષેપ નથી થયા તે બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી પાટીલ સાહેબે જણાવ્યું કે, આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જયારે દેશના વડાપ્રધાન બન્યા ત્યારથી ખેડૂતોને વધુ લાભ મળ્યો છે. સુગર ફેકટરીને જીવંત રાખવામાં પણ આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ખૂબ મોટી મદદ કરી છે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે નવુ સહકાર ક્ષેત્ર ઉભુ કર્યું અને તેની જવાબદારી આપણા ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબની આપી અને સૈ ને આ નિર્ણય યોગ્ય લાગ્યો કારણકે શ્રી અમિતભાઇ શાહ સાહેબ સહકાર ક્ષેત્રના દરેક પ્રશ્નોને સમજે છે. અને કેવીરીતે ઉકેલ લાવવો તે પણ શ્રી અમિતભાઇ શાહ સાહેબ સારી રીતે જાણે છે. અને એટલે જયારે શ્રી અમિતભાઇ શાહ સાહેબનેસહકારી ક્ષેત્રના કેબિનેટ મંત્રી તરીકે કેન્દ્રમાં જવાબદારી મળી ત્યારે સમગ્ર દેશમાં ખુશીનો માહોલ જોવા મળ્યો. અને શ્રી અમિતભાઇ શાહ સાહેબ સહકાર મંત્રી બનતા સહકાર ક્ષેત્રે ખુબ પ્રગતી થશે. શ્રી સી.આર.પાટીલ સાહેબે ખાસ આગ્રહ કરતા જણાવ્યું કે વૃક્ષારોપણના કાર્યક્રમમાં 71 લાખ વૃક્ષો વાવવાનો ટાર્ગેટ સહકારી સંસ્થાઓ ભેગી મળીને કરે, બલ્ડ ડોનેશન કેમ્પમાં સૌથી વધુ બલ્ડ બોટલ ભેગી કરવાનું ગુજરાતમાં પણ એક રેકોડ થાય તે અંગે વિનંતી કરી હતી જેથી જો કોરોના કાળ આવે કે અન્ય કોઇ કારણ સર કોઇને બલ્ડની જરૂર હોય તો તે દર્દીને મદદ મળી શકે સાથે મેડિકલ કેમ્પ કરવા પણ વિનંતી કરી હતી.

આ બેઠકમાં ગુજરાત પ્રદેશના અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબ, મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા, મંત્રીશ્રી ઇશ્વરસિંહ પટેલ, મંત્રીશ્રી જયેશભાઇ રાદડીયા, પ્રદેશના મહામંત્રીશ્રીઓ શ્રી પ્રદિપસિંહ વાઘેલા, શ્રી રંજનીભાઇ પટેલ, શ્રી વિનોદભાઇ ચાવડા, શ્રી બીપીનભાઇ પટેલ, શ્રી દિલીપભાઇ સંઘાણી, શ્રી અજયભાઇ પટેલ, શ્રી ઘનશ્યામભાઇ અમીન, શ્રી શામળભાઇ પટેલ, ડૉ.દેવરાજભાઇ ચિખલીયા, શ્રી ડોલરભાઇ કોટેચા, શ્રી શંકરભાઇ ચૌધરી, રાજયની ટોચની સહકારી સંસ્થાઓ, જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કો, જિલ્લા દૂધ ઉત્પાદક સંઘો, જિલ્લા સહકારી ખરિદ વેચાણ સંઘો, જિલ્લા સહકારી સંઘો, ખાંડ સહકારી મંડળીઓ, ખેતી બેન્કો, બજાર સમીતીના ચેરમેનશ્રીઓ, વાઇસ ચેરમેનશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.



ડૉ.યજ્ઞેશ દવે

(પ્રદેશ મિડિયા કન્વીનર)